ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જલસેવા ભવન,સેકટર-૧૦એ,ગાંધીનગર.
ટેલીફોન નં-૦૭૯-૨૩૨૨૦૮૫૬ ફેકસ નં:૨૩૨૨૫૯૭૯

જે.સી.પટેલ.

મુ.ઇ.(યાં)

---

જા.નં/મુ.ઇ(યાં)/ સોલાર પંપ/ ક્લાઇમેટ ચેન્જ/ ૧૨૭૩/૨૦૧૩ તા: ૨૨.૦૮.૨૦૧૩.

પ્રતિ,
મુખ્ય ઇજનેરશ્રી,
ઝોન-૧,
ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ,
વડોદરા.

T
G. W. S. & S. B
Gandhinagar.
In. No 3503
D. 28/8/13

વિષય: જીડા સહાયિત સોલાર પંપ આધારિત મીની પાઇપ વોટર સપ્લાય યોજનાઓ અન્વયેના પ્રોજેક્ટ ના કામો કાર્યવિત કરીને માહે સપ્ટેમ્બર/૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવા બાબત...

સંદર્ભ: (૧) નાયબ સચિવશ્રી ,ક્લાઇમેટ વિભાગ,ગુજરાત સરકાર, સચિવાલય)નાં પરીપત્ર ક્રમાંક: એસસીવાય/૧૦૨૦૧૨-૧૩/૬૨૬૮૫૧/પ્રોજેક્ટ તા:૨૨.૦૧.૨૦૧૨.
(૨) અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંક: જા.નં/મુ.ઇ(યાં)/ સોલાર મીની પાઇપયોજના-૭૦/ગ્રાન્ટ /૪૧૩/૨૦૧૩... તારીખ: ૦૧.૦૩.૨૦૧૩.

સંદર્ભ-૧ તળે નાયબ સચિવશ્રી ,ક્લાઇમેટ ચેન્જ વિભાગ,ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર દ્વારા પરિપત્ર ક્રમાંક: બીજેટી/૧૦૨૦૧૨-૧૩/૬૨૬૮૫૧/પ્રોજેક્ટ તા:૨૨.૦૧.૨૦૧૨.નાં રોજ રૂ. ૨૧૦.૦૦લાખ (અંકે રૂ. બસ્સો દસ લાખ પૂરા) ઉર્જા વિકાસ સહાય તરીકે આપના ઝોન હસ્તકનાં કુલ ૦૬ જીલ્લાની (વલસાડ ,નવસારી,ડાંગ,તાપી,પંચમહાલ અને વડોદરા) ૭૦ જેટલી સોલાર પંપો આધારિત મીની પાઇપ વોટર સપ્લાય યોજનાઓ અન્વયેના પ્રોજેક્ટ માટેની દરખાસ્ત સબબ નાણાંકીય સહાયરૂપે ફાળવી આપવામાં આવેલ છે.

સંદર્ભ-૧ અને ૨ તળેનાં પત્રમાં દર્શાવ્યા પ્રમાણે સોલાર પમ્પો બેસાડીને માહે <u>સપ્ટેમ્બર/૨૦૧૩</u> સુધીમાં પૂર્ણ કરવા ફંડ ફાળવણી આદેશ સંદર્ભ-૧માં જણાવેલ છે, જેને નિગાહે રાખીને કામો પૂર્ણ થ ઇ જાય તે જોવા વિનંતી છે.

EE-1 (mon)

308

ફંડ ફાળવણી હુકમમાં નિર્દિષ્ઠ થયા મુજબ ભૌતિક તથા નાણાંકિય ત્રિમાસિક અહેવાલ ખર્ચની વિગતો બોર્ડના ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણિત કરાવીને યુટીલાઇઝેશન સર્ટીફીકેટ નિયામકશ્રી,ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ઉધોગ ભવન ગાંધીનગરને બોર્ડની વડી કચેરીની નાણાં શાખાનાં પરામર્શમાં રહીને બારોબાર મોકલી આપવાનાં થાય છે.

ખર્ચ નાણાંકિય વર્ષ ૨૦૧૨-૧૩ ના બજેટ સદર – ૨૮૧૦ (સીએલસી-૬) રીન્યુએબલ ઉર્જા માટે ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થાને સહાય હેઠળ થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે, તે જાણ થવ તથા આગળની યોગ્ય કાર્યવાહી થવા વિનંતી છે.

બિડાણ: ઉપર પ્રમાણે

(જે.સી.પટેલ)
મુખ્ય ઇજનેર(યાં)

નકલ શુભેચ્છાસહ રવાના પ્રતિ:

(૧)મુખ્ય ઇજનેરશ્રી, (મોનિ અને પ્લા.)ગુ.પા.પુ અને. ગ.વ્ય. બોર્ડ, ગાંધીનગર.
(૨) નાણાં નિયંત્રકશ્રી, ગુ.પા.પુ અને. ગ.વ્ય. બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના પ્રતિ:;

અધિક્ષક ઇજ્નેરશ્રી,જા.આ.યાં.વર્તુળ, વડોદરાની જાણ સારૂં તથા સોલાર પમ્પો બેસાડવા અંગેની કામગીરી સત્વરે ચાલુ કરીને માહે સપ્ટેમ્બર/૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરશો અને કરેલ કામગીરીના પ્રગતિ અહેવાલ અત્રે સાદર કરવા આદેશાર્થે.

સોલાર પંપો આધારીત મીની પાઇપ્ડ
ડ્રીન્કીંગ વોટર સપ્લાય યોજના માટે
નાણાંકીય સહાય પૂરી પાડવા બાબત.

ગુજરાત સરકાર,
ક્લાઇમેટ ચેન્જ વિભાગ,
યાદી ક્રમાંક: બીજેટી/૧૦૨૦૧૨/૬૨૬૮૫૧/પ્રોજેક્ટ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૨૨/૦૧/૨૦૧૩

વંચાણે લીધા:

(૧) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના તા.૧/૧૦/૨૦૧૨ના પત્ર નં.સીઇ(મીકે.)/૨૦૧૧/એનર્જી ઓડીટ/સોલર/એમ-૬/૨૨૪૩ થી આ વિભાગને કરવામાં આવેલ દરખાસ્ત.

(૨) ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીના તા.૧૦/૧૨/૨૦૧૨ના પત્ર નં.જેડા/વિન્ડ/૨૦૧૨/૪૪૦૧ થી આ વિભાગને આપવામાં આવેલ દરખાસ્ત.

(૩) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના તા.૨૧/૧૨/૨૦૧૨ના પત્ર નં.મુ.ઇ.(યાં)/૨૦૧૧/એમ-૬/૨૫૧૧ થી કરવામાં આવેલ પૂર્તતા અહેવાલ.

Office of Chief Engineer (Mech.) G.W. ... Inward ૩૫૫ Date ૨૮/૧/૧૩ CE (Mech.) S.E.(Mech.) E.E.(Mech.) Branch

યાદી :-

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના વંચાણે લીધેલા ક્રમાક (૧) ના પત્રથી વલસાડ, નવસારી, ડાંગ, તાપી, પંચમહાલ અને વડોદરા એમ કુલ ૬ જિલ્લાઓના ૭૦ આદિવાસી વિસ્તારોના ગામોમાં મીની વોટર સપ્લાય યોજના હેઠળ એક સોલાર પંપનો રૂ.૩,૯૨,૧૨૨/-નો ખર્ચ અંદાજેલ હતો. આથી ૭૦ સોલાર પંપો માટે કુલ રૂ.૨૭૪.૪૮/- લાખનો અંદાજ દર્શાવેલ હતો. જે બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (૨) માં દર્શાવેલ ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીના તા.૧૦/૧૨/૨૦૧૨ના પત્રથી કરેલ દરખાસ્ત મુજબ ભારત સરકારના નવીન અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય ધ્વારા એક સોલાર પંપના રૂ.૩.૦૦/- લાખ નક્કી કરવામાં આવેલ છે. જે વિગતે ૭૦ સોલાર પંપ માટે રૂ.૨૧૦/- લાખ સહાય કરવાની થાય છે. ગુજરાત એનર્જી વિકાસ સહાય યોજના માટે વર્ષ ૨૦૧૨-૧૩ના બજેટમાં થયેલ જોગવાઇ પૈકી રૂ.૨૧૦/- લાખની સહાય ફાળવી શકાય એમ છે. જે જે ગામોમાં સોલાર પંપ મુકવાના થાય છે. તે ગામોની યાદી, ફળિયાનું નામ, વસ્તી, ઘરોની સંખ્યા, હેન્ડ પંપની સંખ્યા, પાણી પુરવઠા માટેની વૈકલ્પિક વ્યવસ્થા વગેરેની વિગતો વંચાણે લીધેલ ક્રમાંક (૩)માં દર્શાવેલ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના તા.૨૧/૧૨/૨૦૧૨ના પત્રમાં વિગતો દર્શાવેલ છે. આમ, ઉપરોક્ત બાબતે ૬ જિલ્લાના આદિવાસી વિસ્તારોના ૭૦ ગામોમાં મીની વોટર સપ્લાય યોજનામાં સોલાર પંપો બેસાડવા માટે રૂ.૨૧૦/- લાખની મંજૂરી નીચેની શરતોએ આપવામાં આવે છે.

Office of M.S. G.W.S. & S.B
In. No. ૧૭૭
Date 25/1/13

... સોલાર પંપના યોજનામાં સોલાર પંપ બેસાડવા પછી પાંચ વર્ષ સુધી મરામત અને નિભાવવાની કામગીરી માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ધ્વારા તેઓના બજેટમાં નાણાકીય જોગવાઇ કરવાની રહેશે.

૨. સોલાર પંપની ગોઠવણી ટેકનીકલ સ્પેશીફિકેશન પ્રમાણે થયેલ છે, તથા પંપની કામગીરી સંતોષકારક રીતે કાર્યરત થયા અંગેનું પ્રમાણપત્ર ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ધ્વારા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને આપવાનું રહેશે.

3 સોલાર પંપો સંતોષકારક ચાલે છે. તે અંગેનો ત્રિમાસિક અહેવાલ ૫ વર્ષ સુધી નિયત પત્રકમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડે ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીને મોકલવાનો રહેશે.

૪. સોલાર પંપો બેસાડવાની કામગીરી સપ્ટેમ્બર-૨૦૧૩ સુધીમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડે પૂર્ણ કરી દેવાની રહેશે. જે અંતર્ગત ભૌતિક તથા નાણાકીય ત્રિમાસિક અહેવાલ ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીને આપવાનો રહેશે. ખર્ચની વિગતો ચાર્ટડ એકાઉન્ટન્ટ ધ્વારા પ્રમાણિત કરાવીને યુટીલાઇઝેશન સર્ટીફીકેટ ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને મોકલી આપવાના રહેશે.

૫. ક્લાઇમેટ ચેન્જ વિભાગ ધ્વારા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી મારફતે મળેલ નાણાકીય અનુદાનની માહિતી જે તે સ્થળ પર અને પ્રચાર-પ્રસાર સામગ્રીમાં ઉલ્લેખ કરવાનો રહેશે.

૬. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડે સરકારની પ્રવર્તમાન ખરીદ પધ્ધતિનું પાલન કરવાનું રહેશે.

૭. આ અંગેનો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ના બજેટ સદર-૨૮૧૦ (સીએલસી-૬), રિન્યુયેબલ ઊર્જા માટે ગુજરાત ઊર્જા વિકાસ સંસ્થાને સહાય હેઠળ થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ યાદી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૭/૧/૨૦૧૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

(આનંદ ઝીંઝાલા)
નાયબ સચિવ,
ક્લાઇમેટ ચેન્જ વિભાગ.

નકલ રવાના :-

૧. નિયામકશ્રી,
ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ઉધોગ ભવન, સેકટર-૧૧, ગાંધીનગર... તરફ જાણ તથા જરુરી કાર્યવાહી સારું.

30 Copies

૨. સભ્ય સચિવશ્રી,
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, જલ સેવા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર... તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.
૩. નાણા સલાહકારશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
૫. સિલેક્ટ ફાઇલ.



৩১.০১.২৪.